અપીલ અરજી નં.૪૬૩ તા.૩૧–૩–૧૦

અરજદારઃ– ડો. રૂદ્રપ્રતાપ સિન્હા
સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ પી.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ ડો. રૂદ્રપ્રતાપ સિન્હાની તા.૧૬–૨–૧૦ ની અરજીથી (૧)એડીશનલ ગ્રેજયુઈટી નથી મળી તો કેમ? કયા કાયદા હેઠળ? (૨) જો કોઈ કાયદો હોય કે નીતિનિયમો હોય (એડી.ગ્રેજયુઈટી) તો તે તેની નકલ.(૩) ભૂતકાળમાં આવી કોઈ એડીશનલ ગ્રેજયુઈટી રોકવામાં આવેલ હોય તો તે કર્મચારીના નામ અને કયા કારણસર રોકેલ. (૪) ત્યારપછી તેઓને એડી.ગ્રેજયુઈટીની રકમ ચૂકવવામાં આવેલ છે કેમ? (૫) નીકળતી રજાના પગાર આપવા અથવા રોકવા માટેના જે કોઈ નિતી નિયમ હોય તેની નકલ. (૬) નીકળતી રજાના પગાર કોઈ કર્મચારીનો રોકવામાં આવે છે કે કેમ? અને કયા કારણસર અને તેમના નામો જણાવવા. (૭) ત્યારપછી તેઓને રજાના નાણાં ચૂકવવામાં આવેલ છે કે કેમ? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૧–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૬૩/૨૦૦૯–૧૦

શ્રી ડો. રૂદ્રપ્રતાપ સિન્હાની તા.૧૬–૨–૧૦ ની અરજી બાબતે ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ પી.)ના પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૨૨૬૩ તા.૧૬–૩–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯ તા.૬–૪–૧૦ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ પી.) તથા અરજદારને અપીલ અરજીમાં માહિતી અધિકારીએ આપેલ મુદ્દા નં.૧ ની માહિતીના હુકમમાં આ માહિતી સમાવેશ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં. જીએડી/ઈએસટી/પી/ ૧૪૯ તા.૯–૪–૧૦ થી પૂરક વિગતોમાં અપીલના મુદ્દાઓની સ્પષ્ટતા , નોંધ વિભાગ, ઉધનાઝોન તરફથી મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૪૭ તા.૧૭–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ડે.કમિશ્નર(૫અનેઈ) તરફથી મુખ્ય હિસાબનીશને તબદીલ નં.જીએડી/ઈએસટી/પી/૨૧૭૩ તા.૨૬–૨–૧૦ ના પત્રની નકલ તથા આરોગ્ય અધિકારીને તબદીલ પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૨૧૩૮ તા.૨૪–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને માહિતી અને દસ્તાવેજ મેળવવા પાના નંગ–૧૨ પ્રતિ રૂા. ૨/– લેખે રૂા.૨૪/– ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/પી /૨૨૬૨ તા.૧૬–૩–૧૦ ના પત્રની નકલ તથા ફી ભર્યાની રસીદ નં.૩૦૮૫૫૨ તા.૧૬–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.જીએડી/ઈએસટી/પી /૨૨૬૩ તા.૧૬–૩–૧૦ ના પત્રની નકલ, નિવૃતિ ઓર્ડર પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૮૩ તા.૩૧–૧૨–૨૦૦૧ ના કમિશ્નરશ્રીના હુકમની નકલ, મજકુર કર્મચારીની પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૭૮ તા.૩–૧૦–૨૦૦૨ નિવૃત કર્મચારીને નાણા ચૂકવવા અંગે કમિશ્નરશ્રીના હુકમની નકલ, રાજય સરકારનો એન્કેસમેન્ટ લીવ અંગે ૭ જાન્યુ. ૧૯૯૮ ના નાણા વિભાગના ઠરાવની નકલ, સુરત મહાનગરપાલિકાનો ઠરાવ નં.૨૪ તા.૧૮–૪–૬૭ ના ઠરાવની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૪–૧૦ નો પત્ર પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૬–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ.જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૪૭ તા.૧૭–૨–૧૦ થી મધ્યસ્થ મહેકમ જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૨૧૭૩ તા.૨૬–૨–૧૦ થી મુદ્દા નં. ૩ અને ૪ માટે મુખ્ય હિસાબનીશશ્રીને તથા મુદ્દા નં.૫, ૬ અને ૭ માટે પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૨૧૩૮ તા.૨૪–૨–૧૦ થી આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૨૨૬૨ તા.૧૬–૩–૧૦ થી અરજદારને માહિતી અને દસ્તાવેજોના પાના નંગ–૧૨ પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૦૮૫૫૨ તા.૧૬–૩–૧૦ થી ભરપાઈ કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૨૨૬૩ તા.૧૬–૩–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. (૧)એડીશનલ ગ્રેજયુઈટી નથી મળી તો કેમ? કયા કાયદા હેઠળ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મે.કમિશ્નરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૧૮૩ તા.૩૧–૧૨–૨૦૦૧ તથા જીએડી/ઈએસટી/૨૪૭૮ તા.૩–૧૦–૨૦૦૨ ની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અપીલમાં તા.૧૬–૩–૧૦ ના રોજ જે જવાબ આપ્યો છ. તે ખોટો અને ઉડાઉ જવાબ આપેલ છે. તેવા પ્રશ્ન બાબતે નોંધ વિભાગમાં

આપવામાં આવેલ જવાબ ખોટો કે ઉડાઉ આપવામાં આવેલ નથી કરવામાં આવેલ કચેરી હુકમના આધારે આપવામાં આવેલ છે જેની નકલો આપવામાં આવેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૨) જો કોઈ કાયદો કે નીતિનિયમો હોય (એડી.ગ્ર ેજયુઈટી) તો તે તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના સા.સ.ઠ . નં.૨૪ તા.૧૮–૪–૧૯૬૭ અન્વયે ચૂકવવામાં આવે છે તેની નકલ આપવામાં આવેલ છે. (૩) ભૂતકાળમાં આવી કોઈ એડીશનલ ગ્રેજયુઈટી રોકવામાં આવેલ હોય તો તે કર્મચારીના નામ અને કયા કારણસર રોકેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નીકળતી રજાનો પગાર આપવા અંગેના જીઆરની નકલ સામેલ છે. જયારે રોકવા માટે મુદ્દા નં.૧ ના જવાબમાં સમાવેશ થઈ જાય છે તેવી માહિતી આપવામાં આવેલ છે. (૪) ત્યારપછી તેઓને એડી.ગ્રેજયુઈટીની રકમ ચૂકવવામાં આવેલ છે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિવૃતિ વખતે ફકત નીકળતી રજાનો પગાર કોઈ કર્મચારીનો રોકવામાં આવેલ નથી. (૫) નીકળતી રજાના પગાર આપવા અથવા રોકવા માટેના જે કોઈ નિતી નિયમ હોય તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપના મુદ્દા નં.૬ ના જવાબમાં થઈ જાય છે.તેવી માહિતી આપેલ છે. (૬) નીકળતી રજાના પગાર કોઈ કર્મચારીનો રોકવામાં આવે છે કે કેમ? અને કયા કારણસર અને તેમના નામો જણાવવા. (૭) ત્યારપછી તેઓને રજાના નાણાં ચૂકવવામાં આવેલ છે કે કેમ? તેની માહિતીના મળેલા પ્રતિભાવથી અરજદારે તા.૩૧–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી મુદૃ મદ્દા નં.૧ થી ૪ માં રજૂઆત કરેલ છે. અપીલના મુદ્દા નં.૧ જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશર(પઅનેઈ) ધ્વારા તા.૧૬–૩–૧૦ ના રોજ જે જવાબ આપેલ છે તે ખોટો અને ઉડાઉ જવાબ આપલ છે. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં આપવામાં આવેલ જવાબ ખોટો અને ઉડાઉ આપવામાં આવેલ નથી. કરવામાં આવેલ કચેરી હુકમના આધાર આપવામાં આવેલ છે જેની નકલો આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. અપીલ નં.મુદ્દા નં.૨ મજકુર કર્મચારીના કિસ્સામાં એડી. ગ્રેજયુઈટી કયા કાયદા હેઠળ ચૂકવવામાં આવેલ નથી તેનો જવાબ આપવાને બદલે કમિશ્નરશ્રીનો તા.૩૧–૧૨–૦૧ તથા તા.૩–૧૦–૦૨ ના હુકમની નકલ આપી છે કમિશ્નરશ્રીના હુકમો આધાર વિહોણા ન હોઈ શકે ? જેમાં પૂરક વિગતોમાં એડી. ગ્રેજયુઈટી ગુજરાત સરકારશ્રીના નિયમો મુજબ નહીં પણ સુરત મહાનગરપાલિકાની સા.સ. ઠ નં.૨૪ તા.૧૮–૪–૬૭ મુજબ વધારાની ગ્રેજયુઈટી તરીકે ચૂકવવામાં આવે છે તે તમને આપવામાં આવેલ જવાબમાં તથા આપવામાં આવેલ ઓફિસ ઓર્ડરની નકલ મુજબ રોકવામાં આવેલ છે તથા કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૨૪૭૮ તા.૩–૧૦–૦૨ ના અનુક્રમ નં.૬ મુજબ ખાતાકીય તપાસ તેમજ ન્યાયીક કાર્યવાહીના આખરી નિર્ણયને આધીન ત્યાં સુધી રોકવામાં આવેલ છે જે સ્પષ્ટ દર્શાવેલ છે. તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૩ માં મજકુર કર્મચારીની નિવૃતિ તા.૩૧–૧૨–૨૦૦૧ બાદ આજ દિન સુધી રજાનો પગાર અને એડી. ગ્રેજયુઈટી ચૂકવવામાં આવેલ નથી તો આવા કાયદેસરના હકો રોકવાના હોય તો તે નિતિ નિયમોની નકલ માંગવામાં આવી હતી તે આપવામાં આવેલ નથી. જે બાબતે પૂરક વિગતોમાં રજાનો પગાર તથા એડી. ગ્રેજયુઈટી મે.કમિશ્નરશ્રીના ઓફિસ ઓર્ડરની નકલ મુજબ રોકવામાં આવેલ છે તથા કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૨૪૭૮ તા.૩–૧૦–૦૨ ના અનુક્રમ નં.૬ મુજબ ખાતાકીય તપાસ તેમજ ન્યાયીક કાર્યવાહીના આખરી નિર્ણયને આધીન ત્યાં સુધી રોકવામાં આવેલ છે જે સ્પષ્ટ દર્શાવેલ છે. વધુમાં એડી. ગ્રેજયુઈટી ગુજરાત સરકારશ્રીના નિયમો મુજબ નહીં પરંતુ મહાનગરપાલિકાના સા.સ.ઠ નં.૨૪ તા.૧૮–૪–૬૭ મુજબ વધારાના ગ્રેજયુઈટી તરીકે ચૂકવવામાં આવે છે. જેનું નિયમન સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાની મંજુરીને આધીન કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. અપીલ મુદ્દા નં.૪ માં જાહેર માહિતી અધિકારીએ તેઓના તા.૧૬–૩–૧૦ ના જવાબમાં મુદ્દા નં.૪ નો ખોટો જવાબ આપેલ છે મજકુર કર્મચારીને એટલેકે ડો. સિન્હાને રજાનો પગાર અને એડી. ગ્રેજયુઈટી કયારે અને કેટલો ચૂકવ્યો? ન ચૂકવ્યો હોય તો તેના કારણોની માંગણી કરી હતી. તેનો જવાબ આપવામાં આવેલ નથી. જે બાબતે પૂરક વિગતોમાં અરજીના મુદ્દા નં.૩ અને ૪ નો જવાબ મધ્યસ્થ મહેકમ કચેરીએથી આપવામાં આવેલ નથી અને તે મુદ્દાનો જવાબ આપવા માટે મુખ્ય હિસાબનીશશ્રીને તા.૨૬–૨–૧૦ ના રોજ નં.જીએડી/ઈએસટી/પી/ ૨૧૭૩ થી તબદીલ કરવામાં આવેલ છે જેનો જવાબ અરજદારને આપ્યા કે કેમ? તેની કોઈ માહિતી નથી. રજાનો પગાર તથા એડી. ગ્રેજયુઈટી કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૨૪૭૮ તા.૩–૧૦–૦૨ ના અનુક્રમ નં.૬ માં સ્પષ્ટ દર્શાવ્યા મુજબ ખાતાકીય તપાસ તેમજ ન્યાયીક કાર્યવાહીમાં આખરી નિર્ણય આધીન ત્યાં સુધી રોકવામાં આવેલ છે જે સ્પષ્ટ દર્શાવેલ છે તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯ તા.૬–૪–૧૦ થી અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ આપેલા મુદ્દા નં.૧ ની માહિતીના હુકમમાં આ માહિતીનો સમાવેશ છે કે કેમ તેવી સ્પષ્ટતા અરજદાર પાસેથી માં ગવામાં આવેલ. જે બાબતે અરજદારે મુદ્દા નં.૧ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે કયા કાયદા હેઠળ એડી. ગ્રેજયુઈટી ચૂકવણી કરવામાં આવેલ નથી તેનો જવાબ મે.કમિશ્નરશ્રીના તા.૩૧–૧૨–૦૧ તથા તા.૩–૧૦–૦૨ ના હુકમની નકલ આપેલ છે પરંતુ બંને હુકમાં કયા કાયદા હેઠળ એડી. ગ્રેજયુઈટી ચૂકવવામાં આવેલ નથી તેનો ઉલ્લેખ કરેલ નથી તેવું જણાવેલ છે. વધુમાં તા.૧૮–૪–૬૮ ના સા.સ.ઠરાવની નકલ આપેલ છે જેમાં મુદ્દા નં.૪ માં દરકે મ્યુ. કર્મચારીને નોકરીના અંતનો ગમે તે પ્રસંગ હોય તો પણ એક વર્ષની નોકરીનો ૧ માસનો પગાર જેટલી ગ્રેજયુઈટી ચૂકવવામાં આવેલ છે તેવું ઠરાવેલ છે જે ધ્યાને લેતાં માહિતી પૂરી પાડવા જણાવેલ છે. જે બાબતે સદર ઓર્ડરમાં " Dr.Sinha shall be paid **Provsional Pension** quantum of which shall be decided by the Corporation in due course under B.C.S. Rule 189 (A). Futher the entire amount of gratultyaddl. gratuity pension, Encashment of Eamed Leave etc. due to him are hereby ordered to be withheld as per B.C.S. Rule 189 (B). ની જોગવાઈ જણાવવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કઈ જોગવાઈ હેઠળ બાબત હેઠળના લાભ અટકાવેલ છે તે નિયમ સહિત જણાવેલ છે. જે અંગે આ તબકકે તકરારને કોઈ સ્થાન જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૪–૧૦

ઈ.ચા.ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)  અને જાહેર માહિતી અધિકારી ( મહેકમ.પી.)...જાણ તથા અમલ માટે
(૨) ડો. રૂદ્રપ્રતાપ સિન્હા